SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓમાં આદિવાસી લોકજીવન

*પૂનમ ફેફર*

*સારાંશ:*

*ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે થયેલાં સંશોધન - સંપાદનની એક વિશિષ્ટ અને સમૃદ્ધ પરંપરા આપણને મળી છે. આજે પણ આ પરંપરામાં દિનપ્રતિદિન સતત અવનવા સંશોધન- સંપાદનનો ઉમેરો થતો જોવા મળે છે. ગુજરાત સહિત ભારતના વિવિધ રાજ્યોમાં તેમજ વિશ્વનાં અનેક દેશોમાં લોકકથાઓનાંસંપાદનોમાં સંપાદક દ્વારા કથ કે કહેલી લોકકથાઓનાંપુન:કથનનો જ આધાર લીધેલો જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં લોકકથાઓનાં અનેક સંપાદનો આપણને મળ્યાં છે પરંતુ તેમાં ગુજરાતી કંઠ પરંપરાની લોકકથાઓના શાસ્ત્રીય સંપાદનો આરંભ ડૉ. શાંતિભાઈ આચાર્યથી થાય છે એવું કહેવામાં આવે છે કારણ કે તેમના સંપાદનોમાં જે - તે પ્રદેશ અને જાતિ-જ્ઞાતિના કથકોનીવિગતોની સાથે જ ભાષાશાસ્ત્રીયબોલીગત અભ્યાસ આપેલો છે. શાંતિભાઇ આચાર્યે પ્રથમ જ્યારે ઉત્તર ગુજરાતની તથા આદિવાસીઓની બોલીઓનાઅભ્યાસનો પ્રારંભ કરેલો ત્યારે તેમણે ઉત્તમ કથકો શોધી, લોકકથાઓ કહેવડાવીનેધ્વનીમુદ્રિત કરી .આ સામગ્રીના લિખિત રૂપનું 'સિદીકચ્છી વાર્તાઓ', હેંડો વાત માંડીએ' અને 'કચ્છી ગદ્ય અને તેમનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન' જેવા સંચયોમાં સંપાદન કર્યું ત્યારથી જ શાસ્ત્રીય પ્રકારના સંશોધન - સંપાદનો આરંભ થયો એમ કહી શકાય. તેમને ઈ. સ. 1980 થી 1980 ના ગાળામાં કરેલું કાર્ય દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ' સંગ્રહરૂપે મળે છે. તેમાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની સોળ કૂંકણી લોકકથાઓ આપી છે. આ લોકકથાઓમાં જોવા મળતું આદિવાસી લોકજીવનની વિશે વાત કરવાનો અહીં ઉપક્રમ છે.*

*ચાવીરૂપ શબ્દો- લોકજીવન,આદિવાસી, અંધશ્રધ્ધા, લોકમાન્યતા, માનવમૂલ્ય*

ડૉ. શાંતિભાઇ આચાર્યે આ ગ્રંથમાં દક્ષિણ ગુજરાતમાં આખાય વિસ્તારની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમાં જે - તે પ્રદેશના નામોલ્લેખ સાથેજાતિઓ અને એની વસ્તી વિશેની સ્પષ્ટ માહિતી આપી છે. એ મુજબ કૂંકણી આદિવાસી જાતિ વિશે વાત કરીએ તો આ જાતીકોંકણા, કોંકણી અને કુનબી એમ ત્રણ નામથી પ્રચલિત છે. આ જાતીમહારાષ્ટ્રનાકોંકણ પ્રદેશમાંથી સ્થળાંતર કરીને આવેલી છે એવું અભ્યાસીઓ દ્વારા નિયત કરવામાં આવ્યું છે. કોંકણા- કુંકણી એ ઉચ્ચારભેદે જ અલગ છે પરંતુ કુનબીએક જુદો શબ્દ છે. કેટલાક અભિપ્રાયો મુજબ કૂંકણાનેકુનબીથી નીચી જાતિ ગણ્યા છે તો કેટલાક અભિપ્રાય મુજબ બંને એક જ છે. સુરત , ભરૂચમાં આ જાતિ ઓછી જોવા મળે છે જ્યારે વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આ જાતિની વસ્તી વધુ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતમાં સવા બે લાખ ઉપરની વસ્તી ધરાવનાર આદિવાસી જાતિ કોંકણા કરતા કુનબીકહેવડાવવાનું વિશેષ પસંદ કરતા હોય એવું શાંતિભાઈ આચાર્ય અનુભવે છે. આ ગ્રંથમાં કુલ 16 વાર્તાઓ બે પરિશિષ્ટો સાથે આપવામાં આવી છે અને ત્યાર બાદ ત્રીજું પરિશિષ્ટ આપ્યું છે ભાષાના ત્રણેય વિસ્તારના ભેદ દર્શાવવા માટે. અહીં ગ્રંથનાઆરંભે આદિવાસીઓના જીવન વિષયક ચર્ચા શાંતિભા એ કરેલી તેના આધારે કોંકણીલોકકથાઓમાં જોવા મળતું આદિવાસી લોકો જીવન વિશે વાત કરીએ

અહીં આપેલી કોંકણીલોકકથાઓનાકથાબીજને આધારે અલગ પાડી તેમાં આદિવાસી લોકજીવન કેવું જોવા મળે છે તે અંગે ચર્ચા કરીએ.

પ્રથમ ત્રણ વાર્તાઓ આ જાતીનીપુરાકલ્પનકથાઓનીભૂમિકાવાળીસામ્યમૂલકકથાઓ છે. તેમાં પ્રથમ વાર્તા 'જગબુડ' (જલપ્રલય) પૃથ્વી પર વધેલી માનવ વસ્તીની ચિંતાથી ભગવાન પાપીઓનો નાશ કરી ધર્મીઓને બચાવવા જલપ્રલય કરાવે છે. તેમાં ભગવાન માસદેવનેમહારનાછોકરાંને બચાવવા કહે છે. માસદેવભગવાને કહ્યા મુજબ તેને આશીર્વાદ આપે છે ને જલપ્રલય વખતે માછલાંનામોંમાંથી નીકળી તુંબડીમાં બેસી બચી જાય છે . ભગવાન ભાઈ- બહેનને સ્વર્ગમાં તેડાવીદેવદેવીઓની મદદ લઈને ધરતી રચી અને તેમાં મહાદેવ આ ભાઈ બહેનને મૂકી દે છે. આ બંનેમાંથી માનવ સૃષ્ટિ રચાય એવો હેતુ રહેલો છે.


*પૂનમ એસ. ફેફર, પીએચ. ડી. શોધાર્થી, ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, Mo. 9664627446, Email: poonamfefar3258@gmail.com*

અહીં પ્રલય બાદ માનવજીવનની સ્થાપના એ કથાબીજ છે. આ જાતીની તથા અન્ય આદિવાસી પ્રવાહની કથાઓમાં પણ તૂંબડાંના બે ભાગમાંથી સ્ત્રી અને પુરુષ જણાવ્યા અને તેમના દ્વારા સંસાર ચાલ્યો એવી કથા પ્રચલિત છે. અહીં બીજી એક બાબત નોંધવા જેવી છે કે ગુજરાતની ચૌધરી, ભિલ વગેરે આદિવાસી જાતિઓમાંસગા ભાઈ બહેનના લગ્નની વાત તેઓની પુરાકલ્પનકથાઓ તેમજ બીજી કેટલીક સાદી વાર્તાઓમાં પણ આવ્યા કરે છે.

બીજી વારતા 'માનુસકહાહુયના?' ( માનસ કઈ રીતે પેદા થયો?) માનવ સર્જનની જ આ કથા છે. તેમાં ભગવાનનેમાનસનું સર્જન કરવાની ઇચ્છા થતાં કાળકા દેવીને આજ્ઞા કરે છે. અનેક દેવદેવીઓની મદદથી માણસ બનાવે છે પરંતુ માણસ એકલાથી માનવ સૃષ્ટિ ન રચાય. માટે તેના ડાબાપડખામાંથી થોડી માટી કાઢીને ભગવાનને એક સ્ત્રી ઉત્પન કરી. પછી બંનેને જંગલ વિસ્તારમાં મૂકી આવ્યા અને એમાંથી માનવ સૃષ્ટિ રચાય કે વસ્તીમાં વધારો થયો. ઉપરોક્ત બંને કથાઓનો મુખ્ય હેતુ વસતી વધારાનો છે એમ કહી શકાય.

ત્રીજી વાર્તા 'પાનદેવ-ગુંજવલા' એ  લોકોમાં રહેતી નીચી જાતિની માન્યતાઓને કારણે  કૂંકણાઓએ જે યાતનાઓ અનુભવી છે તેના મિશ્રણવાળીપુરાકલ્પનકથા છે. સ્વર્ગનાપાનદેવ પૃથ્વી પર કોઈ સામાન્ય સ્ત્રી કુનવી કન્યા ગુંજવલાના પ્રેમમાં હોવા છતા તે માનવલોકની સ્ત્રી લઈને આવ્યા એમ કહિ ભગવાન પાનદેવને અપમાનિત કરે છે જેના કારણે માતા કણસરા ક્રોધે ભરાય છે  ને પરિણામે અનાજ પાણી ,ધન-ધાન્ય બધુ ખૂટી જાય છે. મહાદેવ અને બ્રહ્મદેવ નારણદેવની મદદથી કણસરા દેવીને મનાવી લે છે. પછીથી પાનદેવ અને ગુંજવલા સ્વર્ગમાં રહેવા લાગે છે. આદિવાસી સમાજમાં કણસલી દેવીને મુખ્ય માનવામાં આવે છે. ધન ધાન્યની દેવીને અનાજ ભર્યું હોય તે કોઠીની ઉપર સ્થાપવામાં આવે છે. આમ કરવાથી આ દેવી કયારેય અનાજ ખૂટવા દેતી નથી એવી કુંકણાઓમાં દ્રઢ માન્યતા છે . આ કથામાં આદિવાસીઓએ મુખ્ય પાક 'ભાત'ની વાવણી કરે છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં પાન દેવ અને ગુંજવલા વચ્ચે લગ્ન પહેલા સંબંધ બંધાય છે . આદિવાસી સમાજમાં છોકરી છોકરાના આવા સંબંધોનેગંભીરતાથી લેવામાં આવતા નથી. પાનદેવનેગુંજવલાના લગ્ન થાય છે. આ જાતીમાં બધાજ પ્રેમીઓના લગ્ન થાય કે ના થાય બહુ મહત્વનું ગણાતું નથી.

આમ આ જાતિની પુરાકલ્પનકથાઓમાંથી પૃથ્વી અને મનુષ્યની ઉત્પત્તિ, તેની રચનામાં ભાગ લેનારા દેવ દેવીઓ વિશેષ જાણકારી પ્રાપ્ત થાય છે. પુરુષાર્થથી કોઈ પણ કાર્ય સફળ બનાવી શકાય એ જાતિનો આત્મવિશ્વાસ પણ સબળ રીતે પ્રગટ થતો જોવા મળે છે.

પુરાકલ્પનકથાઓ પછી અહીં માનવમૂલ્યોની મહત્તા દર્શાવતીકથાઓ મળે છે. તેમાં ચોથી વાર્તા  'મહાજગનીઓઠ'( જબરા  આળસુની વાત) આ કથામાં એક આળસુ આળસ છોડી થોડી મહેનત કરે છે તો ભગવાન પ્રસન્ન થાય છે ને  તેના ખેતરમાં સોનાની ડુંડી અને રૂપાના છોડ બનાવી દે છે.  આળસુ સ્ત્રી દ્વારા( તેની પત્ની) આ ગોટા સાહુકારને મોકલી દીધા. બદલામાં સ્ત્રીને શાવકાર ઘણી બધી ચીજવસ્તુ આપે છે .આળસુએ એ  બધું પાછુ આપી દેવા કહી અને નાગલીનારોટલા અને અડદની દાળ બનાવી લાવવા કહ્યું. શાવકારેસોનાના છોડ ખેતરમાંઉગ્યાની જાણ થતા જ ખેતર આખું લુટી લે છે  .રાજાને જાણ થતાં તે બંનેને બોલાવ્યા આળસુનેરાજાએ ઘરજમાઈ  રાખીયો. રાણીનો હાર ખોવાતા તેને આળસુ ઉપર આરોપ મૂક્યો. આળસુ કહેઃ ' સોનાનાગોટા અને સોનાનાછોડનું ખેતર જતું કર્યું તેં તારો હાર લે' આટલું કહીને રાણીને મારી. રાજાને ફરિયાદ થતા બધી વાતની સ્પષ્ટતા થઇ .શાવકાર પાસેથી બધું લઇ લેવામાં આવે છે. રાજા દ્વારા અડધું રાજપાટ આળસુનેશોપવામાં આવે છે. આળસુ રાજા બની રાજ કરે છે. આમ અહીં આળસુ વ્યક્તિ પણ જાગ્યા ત્યાંથી સવાર મુજબ આળસ ખંખેરીને જો મહેનતકશ, પ્રામાણિક અને સાદગીભર્યું જીવન જીવવાનું શરૂ કરે તો તેને ઈશ્વર પણ મદદ કરે અને પરિણામે તે સુખી થાય. નસીબ હોય તો અવળુ કરતાં પણ સવળું થાય અને વાંકા નસીબ હોય તો બેઠા હોય એ ભોંમાથી પણ ભાલા નીકળે એવી માન્યતાઓ, કોઈનું ચાહીને બૂરુ ન કરો તો ઈશ્વર જ બધું એવું ગોઠવી આપે કે માનસનું પત રહી જાય. આવી લોકશ્રદ્ધાને આ કુળનાકથાનકો પુષ્ટ કરે છે.

ત્યારબાદની વાર્તા 'રાજા અને રાનીની ગોઠ' (રાજા અને રાણીની વાત) માં માનવમૂલ્યની વાત કરવામાં આવી છે. આ વાર્તામાં રાજા એક ભિક્ષુકને વચન આપી દીધા પછી રાજનો ત્યાગ કરવામાં પણ અચકાતો નથી. રાજ છોડ્યા બાદ રાજા,રાણી અને કુંવર વિખૂટા પડી જાય છે. ન્યાયધીશ તરીકે નોકરી કરતો રાજા પુત્રને રાજાની કુંવરી એ લગાવેલા આરોપો સાથે જૂએ છે ત્યારે સમગ્ર વાતની સ્પષ્ટતા કરે છે. પછીથી કુંવરી પણ પોતાની ભૂલ સ્વીકારે અને રાજા અડધું રાજપાટ કુંવરને આપે છે. આમ રાજા અને તેમનું કુટુંબ મુશ્કેલીઓભોગવી છેવટે તેમાંથી પાર ઉતરીને સુખી થાય છે.

મહેનતનું જ ખાવું, વચન આપ્યા પછી કોઈ પણ ભોગે તેનું પાલન કરો અને જાન જાય તો ભલે પરંતુ વ્યભિચાર ન કરવો એવા માનવમૂલ્ય જે આ જાતિ સાથે વણાયેલા છે  તે ઉપરોક્ત બને કથાઓમાં પણ ફળીભૂત થતા જોવા મળે છે.

ઉપરોક્ત કથા ઉપરાંત 'દોસ્તી' અને 'ભાઈબંધી' એ બંનેમાં માનવ અને પશુઓને દોસ્તીમાં જાન આપી દેતાવર્ણવાયા છે. 'દોસ્તી'વાર્તામાંકુકણાં સમાજની લોકમાન્યતા તેમજ અંધશ્રદ્ધાનું પ્રભુત્વ પણ જોવા મળે છે. પથ્થર પર રાજાનો કુંવર પોતાને ત્યાં જન્મેલા દીકરાને કાપશે તો પથ્થર માંથી ફરીને

માણસ બની જશે એવી અંધશ્રદ્ધા ધરાવતા લોકોનું નિરુપણ અહીં જોવા મળે છે. 'પાડું અને શિયાળ' માં પણ શિયાળે મિત્ર પાડા સાથે દગો કરતાં તેણે પાડાના પેટમાં બંધનમાં રહેવું પડ્યું! જોકે આખરે તે મુક્ત થઈને જંગલમાં નાસી જાય છે. આ વાર્તા અપૂર્ણ જણાય છે.

'અસ્તુરીચળીત' એ વિરવિક્રમનીવાર્તાઓના પ્રકારની વાર્તા છે. તાંત્રિક વિદ્યાઓનો પણ ઉલ્લેખ કરેલો જોવા મળે છે. આમ, અહીં કુકર્મ કરનારા થોડો વખત ભલે સુખ માણે પરંતુ આખરે તો નીતિથી ચાલનારાઓનો જ વિજય થાય છે. 'નાનો ભાઈ' અને 'તાજલમૂલ' એ બંને અપકાર કરનારાઓ સામે પણ ઉપકાર કરવાના મૂલ્યને વાર્તાઓ છે. 'હીરાકસરાની' એ સ્ત્રીને પતિનિષ્ઠાનેદર્શાવતી વાર્તા છે. છેલ્લી ચાર વાર્તાઓ માંથી 'વૅતિયો' સિવાયની ત્રણેય વાર્તા કથન કલાની દષ્ટિએ નબળી છે. 'ડોસા' 'ટોયા પંખી', 'ટિડો જોશી' આ વાર્તા બાળવાર્તા જેવી છે. આમ ઉપરોક્ત વાર્તાઓ કુંકણા જ્ઞાતિના જીવનને સમજવામાં સહાયરૂપ બને છે. શાંતિભાઈ આચાર્ય કૃત 'દક્ષિણ ગુજરાતની કોંકણીવાર્તાઓ'માં આદિવાસી કોંકણી જ્ઞાતિના લોકજીવન વિશેષ રીતે ફળીભૂત થાય છે.

- **સંદર્ભસાહિત્યઃ**

1. દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ - શાંતિભાઈ આચાર્ય
2. ગુજરાતી લોકસાહિત્ય સાહિત્યના સંશોધકો ખંડ-1 - સં.ડૉ. જે. એમ.ચંદ્રવાડિયા,ડૉ. દીપક પી. પટેલ
3. લોકમહાકાવ્યઃ સ્વરૂપ, પ્રકાર અને કૃતિઓ - સં. ડૉ. બળવંતજાની